આકાશવાણી, અમદાવાદ

21-11-2026 Midday: 2.30 to 2.35 pm

Saturday Regional News

## GNR CHINTAN SHIBIR

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, દેશના 60 કરોડ શ્રમિકોના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો સાથે મળીને એક વર્ષની કાર્યયોજના તૈયાર કરશે. આગામી સમયમાં દેશના 100 ટકા શ્રમિકોને સામાજિક સુરક્ષાના કવચ હેઠળ આવરી લેવાનો અમારો લક્ષ્યાંક છે. શ્રી માંડવિયા ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ, રોજગાર અને ઉદ્યોગ મંત્રીઓની બે દિવસની ચિંતન શિબિરના પ્રારંભ સમારોહને સંબોધી રહ્યા હતા. શ્રમિકો અને ઉદ્યોગને એક ગાડીના બે પૈડા ગણાવતા શ્રી માંડવિયાએ કહ્યું, બંનેના હિતોનું રક્ષણ જરૂરી છે. 25થી વધુ રાજ્ય ડિસેમ્બર મહિના પહેલા શ્રમ સંહિતાના નિયમો જાહેર કરવાની તૈયારીમાં હોવાનું પણ શ્રી માંડવિયાએ પોતાના નિવેદનમાં ઉમેર્યું હતું.
આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શોભા કરંદલાજે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. ઉલ્લેખનીય છે કે, દેશમાં ચાર નવી શ્રમ સંહિતાના અમલીકરણના પ્રથમ વર્ષ નિમિત્તે ગાંધીનગરમાં આજથી શરૂ થયેલી બે દિવસની રાષ્ટ્રીય ચિંતન શિબિરમાં EPFO અને ESICમાં સુધારા અંગે વિચારવિમર્શ કરાશે.

## CM TRIBUTE TO DR CV RAMAN

નૉબેલ પુરસ્કારથી સન્માનિત ભારતના મહાન ભૌતિકશાસ્ત્રી ભારતરત્ન ડૉક્ટર સી. વી. રામનજીની આજે પુણ્યતિથિ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં તેમને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, રામન ઈફેક્ટની ઐતિહાસિક શોધ થકી તેમણે વૈશ્વિક સ્તરે ભારતીય વિજ્ઞાનને ગૌરવ અપાવ્યું. વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે તેમનું અમૂલ્ય યોગદાન યુવા પેઢી માટે સદૈવ પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

## HEALTH MINISTER SHAPATH

સુરતના સરથાણા જકાતનાકા સ્થિત નર્મદેશ્વર મહાદેવ મંદિરમાં ભવ્ય તુલસી વિવાહ મહોત્સવ યોજાયો. ભગવાન શાલિગ્રામ અને માતા તુલસીનાં વિવાહના આ પાવન પ્રસંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા પણ ઉપસ્થિત રહ્યા. દરમિયાન તેમણે તમામ લોકોને અંગદાન જાગૃતિના શપથ લેવડાવ્યા.

## JMR FAKE BUTTER

જામનગરમાં રવાણી ખીજડિયામાં બનાવટી ઘીનું કારખાનું ઝડપાયું. પંચકોશી એ ડિવિઝન પોલીસે દરોડા પાડી પાંચ લાખ રૂપિયાથી વધુનો 932 લિટર ઘીનો જથ્થો જપ્ત કર્યો. સાથે જ ખોરાક અને ઔષધ વિભાગ દ્વારા બનાવટી ઘીના બે હજાર 160 ડબ્બા ટાંચમાં લઈ 600 લિટર ઘીના જથ્થાનો નાશ કરાયો. પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી.

## STATE WEATHER UPDATE

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતા ઠંડીનું પ્રમાણ વધ્યું છે. હવામાન વિભાગની યાદી મુજબ, ગત 24 કલાકમાં સૌથી ઓછું 11.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું.
જ્યારે કચ્છના નલિયામાં 11.8, કંડલા વિમાનમથક અને ગાંધીનગરમાં 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે. તો, ભાવનગરમાં પણ આજે લઘુત્તમ તાપમાન 16.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું.

## SK ITI CONVOCATION

સાબરકાંઠામાં હિંમતનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થા – I.T.I.નો પાંચમો કૌશલ્ય પદવીદાન સમારોહ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ શોભનાબેન બારૈયાએ કહ્યું, આજના સ્પર્ધાત્મક યુગમાં કૌશલ્ય આધારિત શિક્ષણ અને વ્યવસાયક્ષી તાલીમ યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત મહત્વની છે. I.T.I. જેવી સંસ્થાઓ યુવાનોને વિવિધ ક્ષેત્રમાં કુશળ બનાવી રોજગારલક્ષી તક પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.
આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે તાલીમ પૂર્ણ કરનારા તાલીમાર્થીઓને પ્રમાણપત્રો અને ચંદ્રક એનાયત કરી પ્રોત્સાહિત કરાયા.